વિજયી વિશ્વ તિરંગા પ્યારા ઝંડા ઊંચા રહે હમારા...

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા હર ઘર તિરંગા રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવીને સહભાગી બન્યા હતા.

વડોદરામાં નીકળેલી ભવ્યાતિભવ્ય 'તિરંગા યાત્રા'માં જોવા મળ્યો અનેરો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ફ્લેગ ઓફ કરીને કીર્તિ સ્તંભ ખાતેથી તિરંગા યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. અને વડોદરા તિરંગાના રંગે રંગાયું હતું. આ પ્રસંગે જનસૈલાબના અદમ્ય ઉત્સાહને વંદન ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ કર્યા હતા તથા દેશના સ્વાભિમાનના પ્રતિક સમા તિરંગાને ઘરે-ઘરે લહેરાવીને રાષ્ટ્રભક્તિના રંગે રંગાવાનું ગૃહ રાજ્યમંત્રી સંઘવીએ આહવાન પણ કર્યું હતું.

રાષ્ટ્રપતિ દ્વારા પ્રસંશનીય સેવા કરનારાઓનું સન્માન

ગુજરાતના ૨૦ સહિત દેશના ૯૫૪ પોલીસને વીરતા પુરસ્કાર

રાજ્યમાં ૧૮ પોલીસ કર્મીઓને મેરીટોરીયસ સર્વિસ માટે મેડલ એનાયત કરવામાં આવ્યાં, જ્યારે બે પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યાં

અમદાવાદ, તા.૧૪

સ્વતંત્રતા દિવસ, પોલીસ કર્મચારીઓને પોલીસ મેડલ એનાયત કરવામાં આવ્યા રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (પીપીએમજી) એનાયત કરવામાં આવ્યા છે, ૨૨૯ને વીરતા માટે પોલીસ મેડલ (પીએમજી) એનાયત કરવામાં આવ્યા છે.

પ્રતિષ્ઠિત સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (પીપીએમ) ૮૨ ને અને ૬૪૨ને મેરીટોરીયસ સર્વિસ માટે પોલીસ મેડલ (પીએમ) એનાયત કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૨૦ પોલીસ અધિકારીઓને મેડલથી સન્માનિત કરવામાં આવ્યાં છે. રાજ્યમાં ૧૮ પોલીસ કર્મીઓને મેરીટોરીયસ સર્વિસ માટે મેડલ એનાયત કરવામાં આવ્યાં છે. જ્યારે બે પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યાં છે. એડીજીપીગાંધીનગર ખુર્શિદ મંઝર અલી અહેમદ તથા આઈબીઓફિસર વિશાલ ચૌહાણને વિશિષ્ટ સેવા બદલ સન્માન કરાશે.

ગુજરાતમાં મેરીટોરીયસ સર્વિસ માટે સન્માનિત પોલીસ અધિકારીઓ

(૧) ડો. રાજકુમાર પાંડિયનઃ એડીજીપી(રેલવે)
(૨) સંદિપસિંહ : આઈજીપી(રાવપુરા, વડોદરા)
(૩) ગિરિરાજસિંહ જાડેજાઃ(એડીએસપીસીએમ સિક્યુરિટી)
(૪) ફિરોજ શેખઃ (એસીપીઅમદાવાદ શહેર)
(૫) જોબદાસ સુર્યનારાયણપ્રસાદ ગેદમ : (એસીપી અમદાવાદ શહેર)
(૬) સુરેન્દ્રસિંહ કુંપાવતઃ (ડીએસપીપંચમહાલ)
(૭) મનોજકુમાર પાટીલઃ (સુરત પીએસઆઈ)
(૮) પ્રવિણકુમાર દેત્રોજાઃ (વડોદરા પીએસઆઈ)
(૯) ખીમજી ફાફલઃ (હેડ કોન્સ્ટેબલ ગાંધીધામ)
(૧૦) દિલિપસિંહ સોલંકીઃ (હેડ કોન્સ્ટેબલ અમદાવાદ)
(૧૧) ભાર્ગવ દેવમુરારીઃ (દેવભૂમી દ્વારકા)
(૧૨) રેખાબેન કેલાટકરઃ (ઈન્ટેલિજન્ટ ઓફિસર, સુરત)
(૧૩) ભરતસિંહ ગોહિલઃ (પીએસઆઈ સુરત)
(૧૪) રાજેન્દ્રસિંહ માસાણી : (આસિસ્ટન્ટ ઈન્ટેલિજન્ટ ઓફિસર ગાંધીનગર)
(૧૫) કિર્તિપાલસિંહ પુવારઃ (પીએસઆઈ, સુરત)
(૧૬) રવિન્દ્ર માલપુરેઃ (એએસઆઈ, વડોદરા)
(૧૭) અશોક મિયાત્રાઃ (આસિસ્ટન્ટ ઈન્ટેલિજન્ટ ઓફિસર, સુરત)
(૧૮) નિતા જાંગાલઃ (પીએસઆઈ, ગાંધીનગર)

૨૦૨૩ના અવસરે કુલ ૯૫૪ છે. ૦૧ સીઆરપીએફજવાનોને

ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં આજે ધ્વજવંદનનો કાર્યક્રમ, સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરાશે

ગાંધીનગર તા ૧૪

આવતીકાલે ૧૫મી ઓગષ્ટના રોજ ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ નિમિતે ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. ભારત દેશની આઝાદીના ૭૬ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. જ્યારે આ અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે સ્વતંત્ર પર્વ ની ઉજવણી અન્વયે શાળાના વિધ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવશે અનેક વિધ કાર્યક્રમો યોજાશે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ નગરજનોને આમંત્રણ પાઠવ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જશવંત પટેલ ઉપસ્થિત રહેશે.

અરવલ્લીમાં અંધશ્રદ્ધાએ લીધો વધુ એક કિશોરીનો ભોગ

અરવલ્લી, તા.૧૪

સમાજમાં અંધશ્રદ્ધાનું મુળ એવું રોપી દેવાયું છે કે લોકોના જીવ જઈ રહ્યા છે. આવો જ બનાવ અરવલ્લીમાંથી સામે આવ્યો છે. જેમાં અંધશ્રદ્ધાએ ૧૪ વર્ષની કિશોરીનો ભોગ લીધો છે. અરવલ્લીના પંચાલ ગામે ૧૪ વર્ષની કિશોરીને સાપ કરડતાં પરિવારજનો તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ જવાને બદલે ભુવા પાસે લઈ ગયા હતા. જે બાદ કિશોરીની તબિયત લથડતા તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન કિશોરીનું મૃત્યુ નિપજ્યું છે. સમયસર સારવાર ન મળતા ૧૪ વર્ષની કિશોરીનું મૃત્યુ નિપજ્યું છે.

શહેરમાં વિવિધ કક્ષાના ૧૧૨૪૭ પૈકી ૪૦૧૮ મકાનોમાં કર્મચારીઓનો વસવાટ

નવા બાંધવામાં આવેલા ફ્લેટ ટાઈપ આવાસની સંખ્યા ૧૯૬૦ આવાસની ઘટનો પ્રશ્ન યથાવત

ગાંધીનગર તા ૧૩

શહેરમાં કર્મચારીઓના વસવાટ માટે સેક્ટરોમાં જુદી જુદી કક્ષાના મકાનો છે જો કે સમય જતા હવે આવાસ પૈકીના ૧૧૨૭૪ આવાસો અસ્તિત્વ ધરાવે છે જો કે સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો પૈકી ૪૦૧૮ મકાનોમાં જ કર્મચારીઓ નો વસવાટ છે જ્યારે ૧૦૨૭ આવાસ રિનોવેશન હેઠળ છે ત્યારે આવાસની માંગ વિશેષ છે આવા સંજોગોમાં નવા આવાસ બાંધવાની યોજનાના અંતે પણ મકાનની ઘટ પુરાય તેમ નથી.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો જોખમી બનતા તબ્બકાકવાર મકાનો તોડવામાં આવી રહ્યા છે જેની સામે નવા બાંધવામાં આવેલા ફ્લેટ ટાઈપ આવાસની માત્ર ૧૯૬૦ છે. વિવિધ સેક્ટરમાં નવા આવાસ અન્વયે વીર સાવરકર નગરમાં ૩૩૬, વન્દેમાતરમ્ પાર્કમાં ૪૪૮, વીર ભગતસિંહ સોસાયટી ૩૬૦, ચંદ્રશેખર આઝાદ નગરમાં ૨૮૦ અને શ્યામજીકૃષ્ણ નગરમાં ૩૩૬ આવાસનો સમાવેશ થાય છે. આ આવાસો ની ફાળવણી લોકાર્પણના અંતે કરવામાં આવી હતી. આ ઉપરાંત સેક્ટરોમાં સ્થિત આવાસો પૈકીના જુદી જુદી કક્ષાના ૧૦૨૭ આવાસ રીનોવેશન હેઠળ છે . જ્યારે જુના પૈકીના ૫૫૩૭ આવાસો જોખમી હાલતમાં છે વિધાનસભાના બજેટ સત્ર વેળાએ સરકાર દ્વારા ગાંધીનગર અમદાવાદ માં ૧૭૩૮ નવા આવાસ બાંધવા માટે નાણાંની જોગવાઈ કરામાં આવી હતી. જો કે શહેરમાં હજુ નવા આવાસો બાંધવાની યોજના મામલે સાઈટ પસંદ થઈ નથી અલબત્ત આ યોજનાનું કામ મંદ ગતિએ છે ત્યારે આવાસની ઘટ નો પ્રશ્ન ઉકેલાતાં હજુ સમય લાગશે.

વિવિધ સ્થળ પર ભારતીય ધ્વજની ખરીદી લોકો દ્વારા કરવામાં આવી હતી.

વિલંબ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવામાં આવે છે. જયારે કેટલાક આવાસોને અનુલક્ષી પાયા વિહોણા કારણો રજુ કરી આવાસોને તોડવાની દરખાસ્તનો નિકાલ કરવામાં આવતો નથી. આવાસો મામલે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેમાં સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના મકાનો આવરી લેવામાં આવ્યા હતા. જયારે આ સર્વેના અંતે શહેરના સેકટરોમાં અંદાજિત ૫૫૦૦ થી વધુ મકાનો જોખમી હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ જેના અંતે જોખમી મકાનો ખાલી કરાવી આ મકાનોનો કડુસલો કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી રહી છે. શહેરમા અત્યાર સુધી સે- ૬,૭ ,૮,૯ ઉપરાંત સે- ૧૨, ૧૩, સે-૧૬ સે- ૨૮ , ૨૯ અને સે- ૩૦ માં જોખમી આવાસો તોડવાનુ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જો કે આ પૈકી ઘણાંખરા મકાનોનો કડુસલો કરી દેવામાં આવ્યો હતો. જયારે જગ્યા ખુલ્લી થતા અત્યાર સુધી સે- ૬ સે-૭ અને સે- ૨૯ તેમજ સે-૩૦ માં નવા મકાનો અલબત્ત અદ્યતન ટાવર કોલોની પણ તૈયાર કરવામાં આવી છે. જયારે હાલ પણ ખુલ્લી જગ્યાની પસંદગી કરી ટુંકમાં સાઈટ નક્કી કરી નવા મકાનો બાંધવા માટે આયોજન હાથ ધરવામાં આવશે પરંતુ હાલ તંત્ર દ્વારા જોખમી અને બિન ઉપયોગી આવાસો તોડવા માટે રજુ થતી દરખાસ્તનો અંત આવતો નથી અલબત્ત તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત રજુ કરવામાં આવે છે. જોખમી મકાનો સંદર્ભે ડિઝાઈન સર્કલ કક્ષાએથી અભિપ્રાય આપી દેવામાં આવ્યા બાદ પણ ઝડપથી આવાસો તોડવા માટે મંજુરી આપવામાં આવતી નથી જેના લીધે આવાસોનો નિકાલ કરવામાં સમય જાય છે. જયારે ઘણાં કિસ્સામાં આવાસો રહેણાંકને લાયક ન હોવાની સાથે જોખમી મકાનો તોડવા માટે પાયાવિહોણાં કારણો રજુ કરી ભયજનક મકાનોના નિકાલ માટે મંજુરી આપવામાં આવતી નથી. શહેરમાં હાલની સ્થિતિએ ૪ હજારથી વધુ મકાનો જોખમી હોવાના લીધે તબક્કાવાર સેકટરોમાં આ પ્રકારના મકાનોનો ઝડપથી નિકાલ કરી જગ્યા ખુલ્લી કરવામાં આવે તો નવા મકાનો બાંધવાની યોજનાને વેગ મળે તેમ છે.

રીક્ષા ફરતી થઈ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. બીજીતરફ સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે નગરજનો પણ જાગૃતિ કેળવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ગંદકી ન થાય તેમજ પાણીનો ભરાવો અટકાવવા માટે પણ નાગરિકોને વિશેષ જાગૃત રહેવા જણાંવાયુ છે. ડેન્ગ્યુ તેમજ મેલેરીયાના મચ્છરો માટે આમ પણ વાતાવરણ ફેવરેબલ છે. ત્યારે મચ્છરો ઉત્પત્તિ સ્થાનોને ડામવા દવા છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે. ડેન્ગ્યુના મચ્છરોના પોરા ચોખ્ખા પાણીમાં થતા હોય છે.જયારે મહત્તમ એક ચમચી જેટલુ પાણી પણ મચ્છર ઉત્પત્તિ માટે પુરતુ છે. આ સ્થિતિ વચ્ચે નકામા પડેલા ટાયરો સહીતની ચીજવસ્તુઓ પણ મચ્છરો માટે બ્રિડીંગ પ્લેસ બની જાય છે. હાલ શહેરના સેકટરોમાં મચ્છરજન્ય રોગચાળાને ડામવા માટે સર્તકતા કેળવાય તે માટે લાઉડ સ્પીકર સાથે રીક્ષાઓ પણ ફરતી કરવામાં આવી છે. જેના માધ્યમથી નગરજનોને સતત મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે જરૂરી ઉપાયો જણાવી જાગૃતિ દાખવવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે. વરસાદે વિરામ લીધો છે. ત્યારે હાલ સેકટરોમાં મચ્છરોનો વધતો ઉપદ્રવ રોગચાળાને વેગ આપી રહ્યો છે. આવા સંજોગોમાં મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ પણ દોડતી થઈ ગઈ છે.

ત્રિરંગો ફરકાવશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રીને મદદ કરશે. આનાથી વિશિષ્ટ ૮,૭૧૧ ફિલ્ડ બેટરી (સેરેમોનિયલ)ના બહાદુર બંદૂકધારી ૨૧ તોપની સલામીની સાથે સિક્રોનાઈઝ્ડ કરશે. લેફ્ટનન્ટ કર્નલ વિકાસકુમાર સેરેમોનિયલ બેટરીનું કમાન સંભાળશે. જ્યારે ગન પોઝિશન ઑફિસર નાયબ સુબેદાર અનૂપ સિંહ હશે. દેશભરમાંથી લગભગ ૧,૮૦૦ લોકોને લાલ કિલ્લા પર વિશેષ અતિથિ તરીકે ઉજવણીનો ભાગ બનવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. સરકારના 'જનભાગીદારી' અભિગમને અનુરૂપ આ પહેલ કરવામાં આવી છે. આ વિશેષ અતિથિઓમાં ૬૬૦થી વધુ વાઈબ્રન્ટ ગામોના ૪૦૦થી વધુ સરપંચ, ખેડૂત ઉત્પાદક સંગઠન યોજના સાથે જોડાયેલા ૨૫૦ લોકો, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના ૫૦-૫૦ લોકો ભાગ લેશે.

સુપ્રીમ ઈન્કાર ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજીવન કેદમાં ફેરવવામાં આવી છે તેમને જામીન આપવામાં આવશે નહીં. જેમણે સળગતી ટ્રેનમાં પેટ્રોલ છાંટવામાં ચોક્કસ ભૂમિકા ભજવી હતી તેમને પણ જામીન આપવામાં આવશે નહીં. ત્રણેય સામે ચોક્કસ આક્ષેપો છે અને આ બાબત પણ ગંભીર છે. આ કોઈ એક વ્યક્તિના મૃત્યુની વાત નથી. સુપ્રીમ કોર્ટે ગત વખતે ૧૨માંથી ૮ને જામીન આપ્યા હતા. જોકે, સુપ્રીમ કોર્ટે એક આરોપીની પત્નીને કેન્સરના કારણે વચગાળાના જામીનની મુદત વધારી દીધી હતી.

હિમાચલ ● અનુસંધાન પહેલાનું ચાલુ

નીચે ૪૦થી વધુ લોકો દટાયા હોવાની આશંકા છે.હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લા શિમલામાં ભૂસ્ખલન સ્થળ પર પહોંચ્યા જ્યાં ૨૦-૨૫ લોકો ફસાયા હોવાની આશંકા છે. રાજ્યપાલે કહ્યું, 'રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવશે પરંતુ સ્વતંત્રતા દિવસ પર રાજભવન ખાતે 'એટ-હોમ' કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ૭૫૧ રસ્તાઓ બંધ છે. આ ઉપરાંત ૪૬૯૭ પાવર ટ્રાન્સફોર્મર અને ૯૦૨ પાણી પુરવઠા યોજનાઓ બંધ કરવામાં આવી છે.ત્યારબાદ રાજધાની શિમલામાં પણ ભૂસ્ખલનને કારણે એક મોટી દુર્ઘટના થઈ હતી. પર્વત તૂટીને સમરહિલના શિવ મંદિર પર પડ્યો હતો. જેને કારણે કાટમાળ નીચે લગભગ ૨૪થી વધુ લોકો દટાયાની આશંકા છે અને અત્યાર સુધીમાં ૯ મૃતદેહો મળી આવ્યા છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ શ્રાવણ મહિનાના દરેક સોમવારે શિવ બાવડી મંદિરમાં ખીર ભંડારો થાય છે.

પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

અતિમનસના પોતાના આનંદ અને મહત્તા માણવા માટે નહીં પણ ભગવાનના મિલનને નિરપેક્ષ અને સંપૂર્ણ બનાવવા, તેની સર્વોચ્ચ ઘનિષ્ઠતા અફાટ વિશાળતાને આપણે પ્રકૃતિના બધા જ પ્રદેશો અને પ્રવાહોમાં ખૂણાઓ અને ખાંચરાઓમાં તથા આપણી સમય જાતમાં દરેક શક્ય રીતે અનુભવવા, ઓતપ્રોત કરવા, સક્રિય બનાવવા.

ઘણા લોકો એમ માની બેસે એ શક્ય છે કે અતિમનસ- યોગનો હેતુ તો અતિમાનવતાની એક પ્રબળ પ્રચંડતા, દિવ્ય સતા અને મહત્તા તથા અતિ વિશાળ બનાવેલ અંગત વ્યક્તિત્વની પોતાની સાર્થકતા એ બધું પ્રાપ્ત કરવાનો છે; પણ એ ભૂલ છે. આ ખ્યાલ જેટલો ખોટો છે એટલો જ ખતરનાક છે; ખતરનાક એટલા માટે છે કે એથી રાજસિક- પ્રાણવાળા આપણા મનનો અહંકાર, મિથ્યાભિમાન અને મહત્વકાંક્ષા વધી પડે. અને જો તેને પાર કરવામાં અને જીતી લેવામાં ન આવે તો આધ્યાત્મિક અધઃપતન જરૂર થવાનું; ખોટો એટલા માટે છે કે એ અહમ-ભાવી છે અને અતિમનસ-પરિવર્તનની પહેલી શરત છે અહમનું વિસર્જન."

મહર્ષિ અરવિંદના શબ્દોનું આચમન કરીએ.તેઓ કહેતા કે ' પહેલાં ભારતીય બનો.એમણે હિન્દુ સંસ્કૃતિ અને સભ્યતા માટે ગહન ચિંતન કર્યું છે.એ કહેતા કે "ભારત માતાની ભક્તિ કરો.ભારત માતા એ કંઈ જમીનનો શુષ્ક ટુકડો નથીએ શક્તિ છે.માતા છે.દરેક રાષ્ટ્રને પોતાના અલગ અસ્તિત્વ અને અલગ સ્વરૂપને આધાર આપનારી એક દૈવીશક્તિ હોય છે જ.ભારતનું ભાવી એકદમ સ્પષ્ટ છે.ભારત જગદગુરુ છે જગતનું ભાવિ માળખું કેવું હશે,તેનો આધાર ભારત ઉપર છે.ભારત જીવંત આત્મા છે.ભારત વિશ્વમાં આધ્યાત્મિક જ્ઞાનને મૂર્તિમંત બનાવે છે."આજના સ્વાતંત્ર્ય દિવસે અને મહર્ષિ અરવિંદના ધરતી ઉપરના અવતરણ દિવસે આપણે સૌ એમના જીવનમાંથી પ્રેરણા લઈએ એ જ અભ્યર્થના.

આત્મનાદ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

યાદબિંદરસિંહના જણાવ્યા અનુસાર બાણપણમાં એક જ્યોતિષીએ ભગતસિંહની ગરદન ઉપર નિશાન જોઈને ભવિષ્ય ભાખ્યું હતું કે, 'આ છોકરો મોટો થઈને ફાંસીના ફંદા ઉપર ચડશે અથવા નવલખા હાર પહેરે એટલો ધનવાન બનશે.' જ્યોતિષિની આ બે આગાહી પૈકી પહેલી આગાહી સાચી પડી. શહીદ-એ-આઝમ સરદાર ભગતસિંહ ૨૩ વર્ષની નાની વયે હસતાં હસતાં ફાંસીના માંચડે ચડી ગયા.

એક બીજી મજાની વાત એ પણ છે કે, દેશભરમાં જેને કરોડો ચાહવાવાળા લોકો છે એવા ભગતસિંહ સ્વાતંત્ર્ય સેનાની બટુકેશ્વર દત્તના પ્રશંસક હતા. આની સાબિતી એમણે જેલમાં લખેલી ડાયરી ઉપરથી મળે છે. બટુકેશ્વર દત્તને લાહોર જેલમાંથી બીજી જેલમાં જ્યારે લઈ જવાના હતાં એના ચાર દિવસ પહેલાં જ્યાં બટુકેશ્વર દત્તને રાખવામાં આવ્યાં હતાં એ ૧૩૭ નંબરના સેલમાં એમને મળવા માટે ભગતસિંહ પહોંચી ગયા હતા. ૧૨ જુલાઈ, ૧૯૩૦ના દિવસે એમણે એમની ડાયરીના પાના નં. ૬૫ અને ૬૭ ઉપર ક્રાંતિવીર બટુકેશ્વર દત્તના ઓટોગ્રાફ લીધા હતા.

કરોડો દેશવાસીઓના હૃદયમાં પોંખાતા અને માનીતા શહીદ-એ-આઝમ ભગતસિંહ વિશે આપણાં લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમના લોકપ્રિય રેડીયો કાર્યક્રમ 'મન કી બાતમાં' થોડા સમય પહેલાં કહ્યું હતું કે, 'આજનો યુવાન ભગતસિંહ બની શકે કે ન બની શકે, પરંતુ ભગતસિંહ જેવો દેશપ્રેમ અને દેશ માટે કશુંક કરી છૂટવાની તમન્ના આપણા બધાના હૃદયમાં અવશ્ય પેદા થઈ શકે.'

ભગતસિંહ એક એવું વ્યક્તિત્વ છે કે, એમના વિશે જેટલું પણ સાંભળીએ, બોલીએ કે વાંચીએ, વધુને વધુ સાંભળવાનું, બોલવાનુ અને વાંચવાનું મન થાય. બોલીવુડે પણ ભગતસિંહના ચરિત્રને ત્રણ ત્રણ વાર કચકડે કંડાર્યું છે. સૌથી પહેલાં મનોજકુમારે, ત્યાર પછી અજય દેવગને અને એના પછી બોબી દેઓલે ભગતસિંહના ચરિત્રના અલગ અલગ કદાવર પાસાને પડદા ઉપર પ્રસ્તુત કર્યા છે. સ્વાતંત્ર્ય દિવસે અનેક નામી-અનામી ક્રાંતિવીરો અને શહીદ સ્વાતંત્ર્યવીરોને 'મેરી મીટ્ટી, મેરા દેશ'ના કાર્યક્રમ સાથે આજે જ્યારે આખો દેશ વંદન સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યો છે ત્યારે શહીદ-એ-આઝમ ભગતસિંહને હૃદયપૂર્વક યાદ કરીને સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રપ્રેમનો પમરાટ ફેલાવીએ.

ધબકાર :

'મોટા મોટા સમ્રાજ્યો તહસ નહસ થઈ જાય છે પરંતુ વિચારોને કોઈ ક્યારેય ધ્વસ્ત થતાં નથી.'

— ભગતસિંહ